Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2023
SEPTEMBER
૧ સપ્ટેમ્બર, ૨૦૨૩

– THE GREATEST REVERENCE –
– સૌથી મોટુ સન્માન –

... ...

Thou art eternal silence and perfect peace in what we are able to perceive of Thee.

Thou art all the perfection we must acquire, all the marvels to be realised, all the splendour to be manifested.

And all our words are but children's babblings when we venture to speak of Thee.

In silence is the greatest reverence.

– The Mother

'Prayers and Meditations'
January 6, 1914

સૌથી મોટુ સન્માન ...

... ...

તારા સ્વરૂપને અમે સમજી શકીએ છીએ ત્યાં સુધી તું શાશ્વત મૌન છે અને પૂર્ણ શાંતિ છે.

અમારે જે કંઈ પૂર્ણતા મેળવવાની છે, અમારે જે કાંઈ અદ્‌ભુત તત્ત્વોનો સાક્ષાત્કાર કરવાનો છે, અમારે જે કાંઈ વૈભવને આવિર્ભાવ આપવાનો છે તે સર્વ તું છે.

અને અમે જયારે તારે વિષે બોલવાનું સાહસ કરીએ છીએ ત્યારે અમારા સર્વ શબ્દો બાળકોના બબડાટ જેવા બની રહે છે.

સૌથી મોટું સન્માન તો મૌનમાં રહ્યું છે.

– શ્રી માતાજી

'પ્રાર્થનાઓ અને ધ્યાન'
૬ જાન્યુઆરી, ૧૯૧૪

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦● September 2023
https://themothersprosperity.org

The Conqueror of all obstacles.

LET us shun the paths that are too easy and ask no effort, the paths which give us the illusion of having reached our goal; let us shun that negligence which opens the door to every downfall, that complacent self-admiration which leads to every abyss. Let us understand that however great may have been our efforts, our struggles, even our victories, compared with the distance yet to be travelled, the one we have already covered is nothing; and that all are equal — infinitesimal grains of dust or identical stars — before Eternity.

But Thou art the conqueror of all obstacles, the Light that illumines all ignorance, the Love that vanquishes all pride. And no error can persist in front of Thee.

– The Mother

'Prayers and Meditations'
January 8, 1914

સર્વ વિઘ્નોનો વિજેતા.

આપણે વધુ પડતા સહેલા અને કશા પુરુષાર્થ વિનાના માર્ગોથી દૂર જ રહીએ, આપણે અંતિમ લક્ષ્યમાં પહોંચી ગયા છીએ એવી ભ્રાંતિ ઉપજાવનારા માર્ગોથી દૂર જ રહીએ; સર્વ પતનો પ્રત્યે ખુલ્લા બનતા બારણા જેવી બેદરકારીથી આપણે દૂર રહીએ; સર્વ ખીણો પ્રત્યે લઈ જતી આત્મ-સંતુષ્ટ એવી સ્વપ્રશંસાથી દૂર રહીએ. આપણે જાણી લઈએ કે ભલે આપણે ગમે તેટલા પ્રયત્ન કર્યા હોય, ભલે ગમે તેટલા સંગ્રામો ખેડ્યા હોય, આપણે ભલે ગમે તેટલા વિજયો મેળવ્યા હોય, પરંતુ આપણે જે માર્ગ કાપવાનો છે તેની સરખામણીમાં આપણો કાપેલો માર્ગ કાંઈ જ નથી; અને પ્રભુની શાશ્વતીની સમક્ષ તો સર્વ કાંઈ — ધૂળના અલ્પમાં અલ્પ રજકણો અથવા તો એના જેવા જ તારકો — એકસરખું જ છે.

પરંતુ તું તો સર્વ વિઘ્નોનો વિજેતા છે, સર્વ અજ્ઞાનને પ્રકાશિત કરતો પ્રકાશ છે, સર્વ અભિમાનને જીતી લેનારો પ્રેમ છે. અને તારી સમક્ષ કોઈ પણ ભૂલ ટકી શકે તેમ નથી.

– શ્રી માતાજી

'પ્રાર્થનાઓ અને ધ્યાન'
૮ જાન્યુઆરી, ૧૯૧૪